# મહાદેવભાઈ દેસાઈ અને મહાદેવભાઈની ડાયરી

નિર્મિતા જે. મિસ્ત્રી
સંશોધક, ઈતિહાસ વિભાગ એ.આઈ.પી.એસ., આણંદ

**એબસ્ટ્રેકટ:**

મહાદેવભાઈ દેસાઈ (૧૮૯૨–૧૯૪૨)ની ડાયરીઓ એ ગુજરાત માટેનો, ભારત માટેનો તેમજ ભારતની આઝાદીકાળનો એક અણમોલ ખજાનો છે. તેઓ અવિરત ગાંધીજી સાથે રહ્યા અને તેમણે તેમનાં સંસ્મરણો, વાર્તાલાપ પત્રો, તેમની સાથેના અનુભવો તેમજ તત્કાલીન ઐતિહાસિક તવારીખો, ઘટનાઓને તાદશ રીતે, આબેહૂબ નોંધ્યા છે. તેથી તેમની જોડીને જ વ્યાસમુનિ ગણપતિ તથા રામ–હનુમાનની જોડી તરીકે વર્ણવાઈ છે જે સદા યથાર્થ છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ તેમના સંબંધને "કૃષ્ણ–ઉદ્ધવ જેવો મંત્રીવર્ય, મિત્રવર્ય અને ભકતવર્ય" એમ વર્ણવ્યો છે. જે અક્ષરશઃ સાચો છે.

તેમણે પોતે લખેલ ડાયરીઓ (ભાગ:૧–૧૯) તેમજ તેમના વિશે લખાયેલાં પુસ્તકો–પુસ્તિકાઓ, ગ્રંથો અસંખ્ય છે. તેથી આ સમગ્ર સાહિત્યને ૧૫૦૦ શબ્દોમાં અંકિત કરવું, તે મુશ્કેલ છે, તેમ છતાં અહીં તેમ કરવા પ્રયત્ન કર્યો છે.

તેમણે આ ડાયરી ૧૯ ભાગોમાં લખી છે. જેના આધારે તેમની જીવનકથા, ડાયરીની વિષયવસ્તુ વગેરે પ્રસ્તુત કરવાનો યતકિંચિત પ્રયાસ અહીં કર્યો છે.

**"ન ડોકાયા કયારે, જલધિજલમાં મગ્ન થઈને**
**ઈતિવૃત્તે મા'ત્મા સહ ભળી ગયા**
**પદરજશું સંલગ્ન રહીને" –ઉશનસ.[૧]**

ખરેખર મહાદેવભાઈ દેસાઈ પૂ.ગાંધીજીના પગની રજ તરીકે રહીને સદા તેમની સાથે રહ્યા તેમ છતાં પોતાનું અલગ્ન અસ્તિત્વ કયારેય તેમણે સમાજને દર્શાવ્યુ નહિ. આ તેમની મહાનતા હતી. સ્વ.મહાદેવભાઈ ગુજરાતની નહિ, પણ ભારતની એક વિરલ વિભૂતિ હતા. તેમના રસ–વિષયો અનેક હતા, અને મહાત્માની સાથે તેઓ જોડાયા ન હોત તો પણ જે ઊંચી બૌદ્ધિક શકિતઓ એમને વરી હતી તેનું કોઈને કોઈ નિમિત્તે પ્રકટીકરણ થયા વિના રહ્યુ ન હોત. તેમ છતાં એમણે પોતાનું સમગ્ર જીવન ગાંધીજીને ચરણે ધરી દીધું, વાસ્તવમાં ગાંધીજી દ્વારા રાષ્ટ્રને ચરણે ધરી દીધું. આટલી મોટી બૌદ્ધિક સજજતા અને કેળવાયેલી રસેન્દ્રિયવાળી વ્યકિત ગાંધીજીના જીવન સાથે તદાકાર થઈ જાય એ સ્વયં એક વિરલ ઘટના છે, તેમ છતાં રામ અને હનુમાન જેવો સંબંધ ગાંધીજી સાથે

તેમનો રહ્યો. મહાદેવભાઈ જીવનચરિત્ર લખવાના પૂર્ણ અધિકારી હતા, કેમ કે બૌદ્ધિકતા, લેખનશકિત, અનુભવ, સાન્નિધ્ય વગેરે અનેક લાભો તેઓ ધરાવતા હતા. મહાદેવભાઈની ડાયરીના નામે જે ફૂડીબંધ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, તે ખરેખર તો મહાદેવભાઈએ રાખેલી ગાંધીજીની ડાયરી છે, એમાં મહાદેવભાઈ કયાંક કયાંક ઝબકે છે ખરા પણ એકંદરે એમણે પોતાને નેપથ્યમાં રાખ્યા છે.[૨]

'મહાદેવનો જન્મ ઈ.સ.૧૮૯૨ના જાન્યુઆરીની પહેલી તારીખે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ નામના ગામમાં થયેલો. પિતાશ્રી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ત્યાં નોકરી કરતા હતા. તેમનું વતન ગામ દિહેણ. તે પણ ઓલપાડ તાલુકામાં સુરતથી દસ માઈલ દૂર છે. મહાદેવના પહેલા ત્રણ ભાઈ માતાને દૂધ ન આવવાથી નાનપણમાં જ ગુજરી ગયેલા. મહાદેવ પેટ રહ્યા ત્યારે પહેલેથી જ એમનાં બાને દવા વગેરે આપી તંદુરસ્તી સાચવવાની તજવીજ પિતાશ્રીએ કરેલી. તેમનાં બાએ તે વખતે સરસથી એકાદ માઈલ દૂર સિંહનાથ મહાદેવનું મંદિર હતું, તેની પૂજા કરવાનો નિયમ રાખ્યો હતો. અને સંકલ્પ કરી રાખ્યો હતો કે, છોકરો આવશે તો મહાદેવ નામ રાખીશ અને છોકરી આવશે તો પાર્વતી રાખીશ. ભાઈ મહાદેવનું રાશિ ઉપરથી નામ "જ" ઉપર આવેલું પણ સંકલ્પ પ્રમાણે માતૃશ્રીએ મહાદેવ નામ રાખ્યું અને તે જ ચાલુ રહ્યું.[૩]

મહાદેવભાઈની સાત વર્ષની ઉંમર ત્યારે સને ૧૮૯૯માં એમને જનોઈ દીધી. ત્યાર પછી જૂન માસમાં મા જમનાબહેનનું અવસાન થયું. પિતાએ બીજું લગ્ન કર્યું. નવી માનું નામ ઈચ્છાબહેન હતું. મહાદેવભાઈ સૂરત હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે જીવણલાલ દીવાનના હાથ નીચે ગણિત શીખવાનું મળ્યું હતું. સને ૧૯૦૬ના ડિસેમ્બરમાં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. પછી મુંબઈમાં એલ્ફિન્સન કોલેજમાં દાખલ થયા. રહેવા–જમવાનું ગોકુળદાસ તેજપાલ બોર્ડિંગમાં મળ્યું હતું, ખીસાખરચી સ્કોલરશીપ મળતી હતી તેમાંથી કાઢતા હતા. ઈન્ટરની પરીક્ષા પહેલા નહિ પણ બીજા નંબરે પાસ થયા. સ્કોલરશીપ અને પરિણામે કદાચ અભ્યાસ બંધ કરવો પડે તેવો ડર ઊભો થયો પરંતુ મિત્ર વૈકુંઠભાઈ જે પહેલે નંબરે પાસ થયા હતા તેમણે પોતાને મળવાની સ્કોલરશીપ જતી કરી એટલે એ મહાદેવભાઈને મળી. તેથી અભ્યાસ ચાલુ રહી શકયો. સન ૧૯૧૦માં બી.એ. થયા.

ઓરિએન્ટલ ટ્રાન્સલેટરની ઓફિસમાં રૂા.૬૦ના પગારથી નોકરી લીધી. સાંજે બે કલાક એલએલ.બી. ના વર્ગો ભરતા. સન ૧૯૧૧માં એલએલ.બી.ની પહેલા વર્ષની પરીક્ષા પાસ કરી. એક વર્ષ પરીક્ષામાં બેસી શકયા નહિ. તા.૧૯–૧૨–૧૯૧૩ ના રોજ બીજા વર્ષમાં પાસ થયા.

એલએલ.બી.ની પરીક્ષા પાસ કર્યા પછી મહાદેવભાઈએ અમદાવાદમાં રહી વકીલાત કરવાનો વિચાર કર્યો. ૧૯૧૫માં ઓરિએન્ટલ ટ્રાન્સલેટરની ઓફિસમાંથી રાજીનામું આપ્યું અને પિતાની સાથે અમદાવાદ રહેવા લાગ્યા.
તા.૨૫–૫–૧૯૧૫ના રોજ ગાંધીજીએ કોચરબમાં કામચલાઉ આશ્રમ સ્થાપ્યો.

અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં તા.૪–૯–૧૯૧૫ના રોજ ગાંધીજી સાથે તેમની પ્રથમ મુલાકાત થઈ. નરહરિભાઈ પણ સાથે હતા. આશ્રમના બંધારણના ખરડા વિશે ગાંધીજી સાથે વાતચીત થઈ અને ગાંધીજી બંનેને આશ્રમમાં સાથે લઈ ગયા.

મહાદેવભાઈનું ચિત્ત વકીલના ધંધામાં ચોટયું નહિ. નોકરીની એક–બે ઓફરો મળી પરંતુ ગાંધીજી તરફના આકર્ષણને કારણે તેમની સાથે જોડાવા મન ઈચ્છી રહ્યુ હતું.

તા.૧–૯–૧૯૧૬ના રોજ એની બિસેન્ટે હોમરૂલ લીગ સ્થાપી. લીગના કામ માટે એ લોકો કોઈ માણસ શોધતા હતા. ક્રિયાશીલ સભ્યોમાંના જમનાદાસ દ્વારકાદાસ એક અંગત મંત્રીની શોધમાં હતા. મહાદેવભાઈને પસંદ કર્યા. પગાર રૂા.૨૦૦–૩૦૦ આપશે તેમ નકકી થયું.

તા.૩૧–૮–૧૯૧૭ થી ૩–૯–૧૯૧૭ ગાંધીજી સાથે રહ્યા. તા.૩૧–૮–૧૯૧૭ના રોજ ગાંધીજી મુંબઈ આવ્યા ત્યારે તેમણે મહાદેવભાઈ સાથે ખૂબ વાતો કરી, અને પોતાની સાથે જોડાઈ જાય તેમ માગણી કરી.
તા.૨૬–૧૨–૧૯૧૭ના કલકત્તા કોંગ્રેસના અધિવેશનથી તા.૧૧–૧–૧૯૧૮ ગાંધીજી મોતીહારી પરત આવ્યા

એ દરમ્યિાન મહાદેવભાઈ સાથે રહ્યા. ત્યારબાદ અવારનવાર ગાંધીજી સાથે પ્રવાસમાં રહેવાનું બન્યું. ગાંધીજીના અનુયાયી બન્યા અને દરરોજના અહેવાલો–પ્રસંગો ડાયરી સ્વરૂપે નોંધવાનું ચાલું જ હતું. આ ડાયરીની નોંધ એક દસ્તાવેજ તરીકે આપણને સૌને મળી તે આપણા સૌનું ખુશનસીબ ગણી શકાય. આ ડાયરી એ ગુજરાતી સાહિત્યનો અણમોલ ખજાનો છે.

મહાદેવભાઈની તબિયત ઠીક નહોતી રહેતી. તોએ તેમને અવારનવાર રેલ્વેમાં મુસાફરી કરવી પડતી હતી. સરદાર પટેલે ગાંધીજીને કહ્યું હતું. "તમારે મહાદેવ પાસે મુસાફરી કરાવવી હોય તો બીજા વર્ગમાં (મુસાફરી) કરવાનો, હુકમ કાઢવો પડશે."

હિન્દ છોડોની ચળવળ અંગે તા.૯–૮–૪૨ ના રોજ મહાદેવભાઈની ધરપકડ થઈ. બધાને આગાખાન મહેલમાં રાખ્યાં હતાં. ત્યાં તા.૧૫–૮–૧૯૪૨ના રોજ અચાનક એમનું અવસાન થયું.
મહાદેવભાઈના અવસાનના પ્રસંગને સુશીલા નય્યરે "શુકતારક સમા મહાદેવભાઈ" ગ્રંથમાં વિસ્તૃત રીતે વર્ણવ્યો છે.[૪]

મહાદેવભાઈની ડાયરી (પુસ્તક પહેલું) તા.૧૦–૩–૧૯૩૨થી તા.૪–૯–૧૯૩૨ (છ માસ) ગાંધીજી સાથે પરવા જેલમાં રહ્યા તે સમયનું વૃત્તાંત છે.

તે ફકત ડાયરી નથી "પરંતુ ડાયરીનો ઉત્તમ નમૂનો છે... ડાયરીમાં પોતાની જાતને ગેરહાજર રાખે એ જવલ્લે જ બને. બીજાની પ્રશંસા કરવાના નિમિત્તે પણ આપવડાઈ એમાં ઘૂસી ન જાય તો જ નવાઈ. આ મહાદેવભાઈની ડાયરીની વિશેષતા એ છે કે, એનો વિષય મહાદેવભાઈ નથી. પોતાને વિશેના ઉલ્લેખો, નથી ચાલ્યું ત્યારે જ એમને હાથે થયા છે." ૫

મહાદેવભાઈની સાહિત્ય–શૈલી એક ઉચ્ચ સાહિત્યકારને શોભે તેવી છે. .... ગાંધીજીનું સદ્દભાગ્ય હતું કે તેમને આવા મહાન અનુયાયીઓ સાંપડયા. .... અસામાન્ય કક્ષાના મહાપુરુષો અનુયાયી તરીકે સાંપડે તે સદ્દભાગ્ય કાંઈ ઓછું નથી. મહાદેવભાઈ જેવા મહાનુભાવો ગાંધીજી વિનાના જમાનામાં થયા હોત તો તેમણે કદાચ વધારે વ્યકિતગત પ્રતિષ્ઠા મેળવી હોત... બીજા કેટલાકની જેમ મહાદેવભાઈનું પણ આવું જ થયું છે. એક સાક્ષર થવાને બદલે તેમને ગાંધીજીના અનુયાયી થવાનું યોગ્ય લાગ્યું... આ ડાયરીમાં પણ આપણને એમની પ્રતીતિ થાય છે. લેખકનો આત્મા એક મહાન સાહિત્યનુરાગીનો છે...." ૬

"આ પુસ્તકો (ડાયરી) કેવળ ગુજરાતી સાહિત્યમાં જ નહિ, પણ વિશ્વ સાહિત્યમાં ભોગવવાનાં એમાં શંકાને સ્થાન નથી." ૭

મહાદેવભાઈની ડાયરી ભાગ–ર તા.પ–૯–૧૯૩૨થી ૧–૧–૧૯૩૩ (૪ માસ) સુધીના બહુ જ નાનકડા કાળખંડને આવરી લે છે.

મહાદેવભાઈની ડાયરીના ત્રીજા ભાગમાં તા.ર–૧–૧૯૩૩થી તા.૨૦–૫–૧૯૩૩ સુધીનો વૃત્તાંત છે. આત્મશુદ્ધિ માટે ગાંધીજીએ કરેલા એકવીસ દિવસના ઉપવાસ, ઉપવાસ વેળાના સ્વજનો, સ્નેહીઓ, સાથીઓ અને પ્રશંસકોની ગાંધીજી તરફની ભકિત, ઉપવાસ વિશેની ગાંધીજીની દ્દષ્ટિ, સાથીઓને લખેલા પત્રો, ગાંધીજીનો હરિજનપ્રેમ, અસ્પૃશ્યતાનિવારણ માટેની તેમની ચિંતા, તેમનું આત્મનિરીક્ષણ, તેમની બુદ્ધિની સતેજતા, એમનું વિરલ મનોબળ, એમની સાથીઓ પ્રત્યેની વફાદારી, તેમની તીવ્ર, સ્વમાની વૃત્તિ–આ સર્વનું આ ડાયરીમાં અચ્છું દર્શન થાય છે.

ડાયરીના ચોથા ભાગમાં ૧૯૧૭થી ૧૯૧૯ સુધીના પ્રસંગો છે. તેમના પુત્ર હરિલાલને ચારિત્ર્ય માટેનો સંદેશો, મિલમાલિકોની મજદૂરો માટેની ફરજ, તેમની વચ્ચેનું સમાધાન, મિલમાલિકોના હૃદયપલટા માટેના પ્રયત્નો, ગાંધીજીનું પ્રયોગશીલ માનસ, બ્રિટિશ શાસન પ્રત્યેનો એમનો વિરોધ વગેરે બાબતો અહીં આવરી લેવાઈ છે. ડાયરીનો પાંચમો ભાગ ૧૯૧૯ થી ૧૯૨૧ના જૂન સુધીના સમયની પ્રવૃત્તિઓને આવરી લે છે. રોલેટ એકટ, અસહકારની લડત, સવિનય કાનૂન ભંગ તેમજ હિંદ છોડો વગેરે લડતોનો ઐતિહાસિક તબકકો આ ભાગમાં આવરી લેવાયો છે.

ડાયરીના છઠા ભાગમાં ઈ.સ.૧૯૨૪ના વર્ષની તવારીખ છે. આમ, તે પાંચમા ભાગનું અનુસંધાન નથી. તા.૧૮–૧–૧૯૨૪ થી શરૂઆત થાય છે. ગાંધીજીને ૧૯૨૨માં છ વર્ષની શિક્ષા થઈ, અસ્પૃશ્યતાનિવારણ, હિંદુ–મુસ્લિમ એકતા, ૧૯૨૪માં બેલગામનું કોંગ્રેસ અધિવેશન વગેરે મુદ્દા આ ભાગમાં આવરી લેવાયા છે.

ડાયરીના ભાગ સાત વિશે કૃષ્ણવીર દીક્ષિત લખે છે, "વ્યાસજીને ગણપતિ પ્રાપ્ત ન થયા હોત તો મહાભારત જેવો ગ્રંથમણિ ઉપલબ્ધ ન થયો હોત તેમ ગાંધીજીને તેમની સનાતન સત્યથી રણકતી, જીવનોદ્ધારક વાણીનો ધોધ ઝીલનાર મહાદેવભાઈ દેસાઈ ન મળ્યા હોત તો શ્રવણ મર્યાદા ધરાવતી ગાંધીજીની એ મહામોલી વાણીથી ભાવિ પેઢી અવશ્ય વંચિત રહી જાત." [૮]

પ્રસ્તુત ડાયરીની નોંધો માત્ર ચાર માસના અત્યંત નાનકડા સમયપરને આવરી લે છે. કોંગ્રેસમાં સ્વરાજીઓ તેમજ નાફેરવાદીઓ એમ બે વિચારસરણી, ખાદી તેમજ રેંટિયાનો પ્રચાર વગેરે બેલગાંવ કોંગ્રેસ અધિવેશનના અંશો હતા તેનું વર્ણન આ ભાગમાં કરવામાં આવ્યું છે.

"ગાંધીજીના હનુમાન સમા ભકત મહાદેવભાઈએ એ યુગપુરુષનાં પ્રવચનો, વાર્તાલાપો તથા અનેક વ્યકિતઓ સાથેની મહત્ત્વની મંત્રણાઓ તથા પત્રો"[૯] આ ડાયરીમાં આવરી લેવાયું છે.

ડાયરીના આઠમા ભાગમાં તા.૧–૫–૧૯૨૫થી ૩૧–૧૨–૧૯૨૫ (૮ માસ)નો ગાળો આવરી લેવામાં આવ્યો છે. રેંટિયો તથા ખાદી પ્રચાર, હિંદુ–મુસ્લિમ એકતા તેમજ અસ્પૃશ્યતાનિવારણના પ્રચાર માટે ગાંધીજીએ કરેલા ભ્રમણ તેમજ કાનપુર કોંગ્રેસ અધિવેશનમાં આપેલી હાજરી એ વિષયો આ ભાગમાં આવરી લેવાયા છે.

ડાયરીનો નવમો ભાગ તા.૧–૧–૧૯૨૬ થી ૨૦–૧૨–૧૯૨૬ સુધીના ગાળાને આવરી લે છે. આશ્રમના વ્યવસ્થિત કરવાના ઝોકને કારણે એક વરસનો ગાંધીજીનો ક્ષેત્રસંન્યાસ, વિનોબાજીના ઉપનિષદ તથા ગીતા ઉપરના પ્રવચનો, સાદાઈ, અપરિગ્રહ, સંયમ, શાકાહાર, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે ગુણો ઓસ્ટિયાવાના દંપતીએ અપનાવ્યા, દારૂનિષેધ, હિંદુ–મુસ્લિમ વૈમનસ્યની સમસ્યા ગાંધીજી માટે માથાનો દુઃખાવો, કેટલાક વ્યકિત વિશેષોના સંસ્મરણો કે રેખાચિત્રો વગેરે આ ભાગમાં આવરી લેવાયાં છે.

ડાયરીના દશમા ભાગમાં તા.૨૧–૧૨–૧૯૨૬ થી તા.૪–૬–૧૯૨૭ એટલે કે દોઢેક વર્ષની નોંધો સામેલ છે. ગાંધીજી બીમાર પડયા, હિંદુ–મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા, સ્વરાજ્ય, સ્વદેશી, અસહકાર, રાષ્ટ્રીય કેળવણી, બ્રહ્મચર્ય વગેરે પ્રશ્નોની ચર્ચા આ ભાગમાં આવરી લેવાઈ છેઃ ડાયરીનો ખંડ ૧૩મો તા.૩૧–૮–૧૯૨૯ થી તા.૨૫–૪–૧૯૩૦ અને તા.૨૪–૧૦–૩૦થી ૨૬–૧–૧૯૩૧ સુધીનો છે. એમાં વચ્ચે છ માસની ડાયરી નથી. "કુલ ૫૧૪ દિવસોમાંથી ૪૫૦ દિવસો" દરમ્યાન મહાદેવભાઈ ગાંધીજી સાથે ન હતા. સરદાર પટેલની

તીખી વાણી જે આ ભાગનું આકર્ષણ છે. સરદાર સાથેનો પ્રવાસ, એમાં જોયેલું જનજીવન, પ્રજાની શકિત અને મર્યાદાઓ, વ્યાખ્યાનો, લેખો, પ્રસંગચિત્રો, અવસાનનોંધો, લાહોરનું કોંગ્રેસ અધિવેશન, દાંડીકૂચ, તેમજ મતાગ્રહો, ઊંચનીચના ભેદો, અસહિષ્ણુતા, હિંસક વૃત્તિ, નિષ્ઠુરતા, સ્વાર્થ, કાયરતા જેવા અપલક્ષણો સાફ કરવાના ગાંધીજી, સરદાર, જવાહરલાલ, રાજેન્દ્રપ્રસાદ વગેરેનો કૃત સંકલ્પ આદિ મુદા આ ભાગમાં આવરી લેવાયાં છે.

ડાયરીનો ૧૪માં ભાગમાં યરવડા જેલમાંથી ગાંધીજીની મુકિત, (તા.૨૬–૧–૧૯૩૧) તથા ૨૯–૧–૩૧ થી તા.૨૯–૯–૩૧ ના રોજ ગાંધીજીનો રસાલો રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જવા નીકળ્યો ત્યાં સુધીનો વૃત્તાંત નિરૂપાયો છે. ગાંધી–ઈરવીન સમજૂતી વિશે બહુ મોટો ઉલ્લાસનો પ્રજામાં અભાવ, ભગતસિંહને ફાંસી, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ વિશે મેઘાણીએ લખેલ કાવ્યપંકિત "છેલ્લો કટોરો પી જજો બાપુ" વગેરે આ ભાગની વિશેષતા છે.

ડાયરીના ભાગ–૧૫ તા.૩૦–૮–૧૯૩૧ થી ૯–૩–૧૯૩૨ સુધીનો સમયગાળાને આવરી લે છે તે પુસ્તક ૧૪ના અનુસંધાને છે પણ ૧૬મું પુસ્તક ૧૫મા પુસ્તકના નહીં પરંતુ પાંચમાંના અનુસંધાનમાં આવે છે તેમાં જૂન ૨૧ થી ૨૩–૧–૨૦૨૩ સુધીના લખાણોને આવરી લેવામાં આવ્યા છે. નવમા કરતાં૧૬મું પુસ્તક વધારે મહત્વનું છે. જ્યારે ગાંધીજીના વ્યકિતત્વ માટે ૧૫મું પુસ્તક વધારે મૂલ્યવાન છે. ગોળમેજી પરિષદમાંની કાર્યવાહી, વિલયતમાં પરિષદ બહારની કાર્યવાહી, યુરોપમાંની કાર્યવાહી તથા હિંદ આવ્યા પછીની કાર્યવાહી આમ નોંધોના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. હિંદુ–મુસ્લિમ એકતા, હિંદુ–શીખ સમસ્યા, જલિયાવાલા બાગની ઘટના, અહિંસા, ગાંધીજીનો દેશપ્રેમ વગેરે બાબતો આ ડાયરીઓમાં ઊભરી આવે છે. ગાંધીજી અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક માનતા, ભારતના ભાગલાનો વિરોધ વગેરે બાબતો ગાંધીજીના મકકમ વિચારો ડાયરીઓમાં પ્રસ્તુત થયા છે.

## પાદનોંધ

૧.પંડયા, જયન્ત અને શાહ, કાન્તિ (સં.) ઉશનસની કાવ્યપંકિત, "શુકતારક સમા મહાદેવભાઈ" શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, પૃ.૩

૨. દલાલ, ચંદુભાઈ ભગુભાઈ (૧૯૮૩), "સ્વ. મહાદેવભાઈ દેસાઈ સ્મૃતિચિત્રો", સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૨૭, પૃ.6-7

૩.એજન, પૃ.૩

૪.એજન, પૃ. ૯–૨૩ તથા ૪૪–૫૫

૫.પંડયા, જયન્ત અને શાહ, કાન્તિ (સં.) "શુકતારક સમા મહાદેવભાઈ" શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, પૃ.૪૩૮

૬.એજન, પૃ.૪૪૨
૭.એજન, પૃ.૪૪૬
૮.એજન, પૃ.૪૮૯
૯.એજન, પૃ.૪૮૯